GJSK030014952018

દાખલ તારીખ : ૨૯−૧૧−૨૦૧૮
રજીસ્ટર તારીખ: ૨૯−૧૧−૨૦૧૮
ફેંસલ તારીખ : ૦૮−૦૬ −૨૦૨૬
અવધિ: ૭−વર્ષ ૬−માસ ૧૦−
દિવસ

**<u>મે. એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં, મુ.પ્રાંતિજ</u>**

<u>ફોજદારી કેસ નં.૧૦૫૭/૨૦૧૮</u>

આંક :

**ફરીયાદી:** શ્રી સરકાર

**વિરુઘ્ધ**

**આરોપી :** ગિરીશભાઈ ચિમનભાઈ પટેલ

રહે. આકોદરા,તા. હિંમતનગર,જી.સાબરકાંઠા.

**ગુન્હો :** ભારતીય દંડ સંહિતાની કલમ− ૨૭૯,૩૩૭,૩૩૮ તથા

મોટર વ્હીકલ એકટની કલમ− ૧૭૭, ૧૮૪,૧૮૫ મુજબ.

−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એ.પટેલ
આરોપી તરફે વિ.વ.શ્રી કે.ટી.પટેલ

−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−−

**<u>−: ઠરાવ :−</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૨૧/૦૯/૧૮ ના કલાક−૧૬/૩૦ થી કલાક−૧૬/૪૫ વાગ્યાના સુમારે મોજે−અમીનપુર ગામે પટેલ ફળીયા નજીક રોડ ઉપર પોતાના કબજાની અલ્ટો કાર નં.જી.જે.૧ બી.ડી.૪૩૨૯ ની દારૂ પીધેલ હાલતમાં પુરઝડપે, બેદરકારી

અને ગફલતભરી રીતે હંકારી લાવી સાહેદ હસમુખભાઈ કેશાભાઈ પટેલ રહે. વદરાડને જમણા પગે ઈજાઓ કરી ફેકચર કરી તથા સાહેદ દક્ષાબેન કાળુસિંહ મકવાણા રહે. વદરાડ નાઓ ને માથામાં તેમજ શરીરે ઓછાવતા ઈજાઓ કરી ગુન્હો કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૮૫ મુજબનો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતા આરોપી વિરુઘ્ધ ફરીયાદીએ ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામાં કરી, સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુઘ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે.

**(૨)** આરોપી સમન્સ આધારે કોર્ટમાં હાજર થતાં સૌપ્રથમ ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આંક–૪ થી આરોપીનું નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષ તરફે આ કામે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**:: મૌખિક પુરાવો ::**

(૧) આંક–૧૧ ફરીયાદી ગૌરાંગકુમાર પ્રવિણભાઈ પટેલની જુબાની

(૨) આંક–૧૩ સાહેદ દક્ષાબેન કાળુસિંહ મકવાણાની જુબાની

(૩) આંક–૧૪ સાહેદ અજયસિંહ ઉદેસિંહ મકવાણાની જુબાની

(૪) આંક–૧૬ સાહેદ રમણભાઈ ભોળભાઈ પટેલની જુબાની

(૫) આંક–૧૭ સાહેદ હર્ષભાઈ બાબુભાઈ પટેલની જુબાની

(૬) આંક–૨૦ પંચ કલ્પેશકુમાર અમૃતભાઈ પટેલની જુબાની

(૭) આંક–૨૧ સાહેદ મયંક હસમુખભાઈ પટેલની જુબાની

(૮) આંક–૨૩ સાહેદ મનુભાઈ કેશાભાઈ પટેલની જુબાની

(૯) આંક–૨૪ સાહેદ હસમુખભાઈ કેશાભાઈ પટેલ ની જુબાની

(૧૦) આંક–૨૫ ડો. જગદીશચંદ્ર કમલેશકુમાર પ્રણામીની જુબાની

(૧૧) આંક–૩૧ ડો.જયકૃષ્ણ અશોકભાઈ સોનીની જુબાની

(૧૨) આંક–૩૩ ત.ક.અ.પ્રણવભાઈ ગોરધનભાઈ પ્રજાપતિની જુબાની

**:: દસ્તાવેજી પુરાવો ::**

(૧) આંક–૧૨ ફરીયાદ

(૨) આંક–૨૧ ગુનાવાળી જગ્યાનું પંચનામું

(૩) આંક–૨૬ મેડીકલ સર્ટીફીકેટ

(૪) આંક–૨૭ પોલીસ યાદી

(૫) આંક–૨૮ ફોર્મ–એ

(૬) આંક–૨૯ ફોર્મ–સી

(૭) આંક–૩૨ મેડીકલ સર્ટીફીકેટ

**(૪)** ત્યાર બાદ એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ :– ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે. જેમાં અમો આરોપી તદન નિર્દોષ છીએ. અમોને સદર કામે ખોટી રીતે સંડોવેલ છે. અમો પર દયા કરવા વિનંતી છે.

ત્યાર બાદ આ કામે વિ.એ.પી.પી.શ્રીએ તેમની મૌખીક દલીલોમાં મુખ્ય હકીકતે જણાવેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષે રજુ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, આરોપી સામેનો કેસ નિ:શકેપણે પુરવાર કરેલ હોય, જેથી યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રીએ તેઓની મૌખીક દલીલોમાં મુખ્ય હકીકતે જણાવેલ છે કે, આ કામે પંચ સાહેદો એ પંચનામાને સમર્થન કરેલ નથી તેમજ કોઈ પણ સાહેદે કહેવાતા આરોપીને નજરે નજર જોયેલ નથી. આમ આરોપી સામેના ગુનાના તત્વો પુરવાર થતા ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૨૧/૦૯/૧૮ ના કલાક-૧૬/૩૦ થી કલાક-૧૬/૪૫ વાગ્યાના સુમારે મોજે-અમીનપુર ગામે પટેલ ફળીયા નજીક રોડ ઉપર પોતાના કબજાની અલ્ટો કાર નં.જી.જે.૧ બી.ડી.૪૩૨૯ ની દારૂ પીધેલ હાલતમાં પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી લાવી સાહેદ હસમુખભાઈ કેશાભાઈ પટેલ રહે. વદરાડને જમણા પગે ઈજાઓ કરી ફ્રેકચર કરી તથા સાહેદ દક્ષાબેન કાળુસિંહ મકવાણા રહે. વદરાડ નાઓ ને માથામાં તેમજ શરીરે ઓછાવતા ઈજાઓ કરી ગુન્હો કરી ભારતીય દંડ સંહિતા ની કલમ-૨૭૯,૩૩૭,૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા અંગના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**<u>-: કારણો :-</u>**

(૮) **<u>મુદ્દા નંબર-૧ :-</u>**

(૯) ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચું જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિ મીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ ધ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ પર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરીબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. **<u>નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂધ્ધ લ ેખરાજ [૨૦૦૦ સુપ્રિમકોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ)]</u>** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જયારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ, અતિરેકના કારણે ફરીયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો

પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે કયારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે. નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઈએ નહી. સાહેદે ઓપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે, કઈ પરિસ્થિતિમાં બનાવ વખતના પરિબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ.

**(૧૦)** સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**(૧૧)** હાલના કામે આરોપી સામેના ગુનાની કલમો ધ્યાને લેતાં ઈ. પી. કો. કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટ ની કલમ–૧૭૭,૧૮૪ ,૧૮૫ પણ ધ્યાને લેવી આવશ્યક જણાય છે.

***ઈ.પી.કો.ક. ૨૭૯ :– જાહેર રસ્તા પર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત.***

'' જે કોઈ વ્યકિત, માણસોની જીંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી જાહેર રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહીના સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.''

આમ, ઉપરોકત કલમ હેઠળ ગુનો સાબિત કરવા માટે ફરીયાદ પક્ષે એ બાબત સાબિત કરવી જોઈએ કે, આરોપી ધ્વારા બેફામ અથવા બેદરકારીથી તેના હવાલામાનું વાહન જાહેર રસ્તા ઉપર ચલાવવામાં આવેલ કે જેનાથી માણસોની જીંદગી જોખમમાં મુકાય અથવા અન્ય કોઈ વ્યકિત ને તેનાથી વ્યથા અથવા હાનિ થવાનો સંભવ હોય.

***<u>ઈ.પી.કો.ક. ૩૩૭ :– બીજાઓની જીંદગી કે શારીરિક સલામતી જોખમમાં મુકાય તેવા કૃત્યથી વ્યથા કરવા બાબત.</u>***

'' જે કોઈ વ્યકિત, મનુષ્યની જીદંગી કે અન્ય વ્યકિતઓની શારીરિક સલામતી જોખમમાં મુકાય તેવી બેફામ રીતે અથવા બેદરકારીથી કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતને વ્યથા કરે, તેને છ મહીના સુધીની બેમાથી કોઈપણ પ્રકારની કેદની અથવા પાંચસો રુપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.''

આમ, ઉપરોકત કલમ હેઠળ ગુનો સાબિત કરવા માટે ફરીયાદ પક્ષે એ બાબત સાબિત કરવી જોઈએ કે, અન્ય વ્યકિતઓની શારીરિક સલામતી કે જીંદગી જોખમમાં મુકાય તેવું કૃત્ય આરોપી ધ્વારા બેફામ રીતે અથવા બેદરકારીથી કરવામાં આવેલ હતુ.

***<u>ઈ.પી.કો.ક. ૩૩૮ :– બીજાઓની જીંદગી કે શારીરિક સલામતી જોખમમાં મુકાય તેવા કૃત્યથી મહાવ્યથા કરવા બાબત.</u>***

'' જે કોઈ વ્યકિત, મનુષ્યની જીદંગી કે અન્ય વ્યકિતઓની શારીરિક સલામતી જોખમમાં મુકાય તેવી બેફામ રીતે અથવા બેદરકારી થી કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતને મહાવ્યથા કરે, તેને બે વર્ષ સુધીની બેમાથી કોઈપણ પ્રકારની કેદની અથવા એક હજાર રુપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.''

મોટર વ્હિ.એકટ ની કલમ**–૧૮૪,૧૮૫ અને કલમ–૧૭૭** સાથે વાંચતા ભયજનક રીતે તેમજ નશાની હાલતમાં વાહન ચલાવવા અંગેના ગુનાની સજા અંગેની સામાન્ય જોગવાઈઓ બાબતે જણાવેલ છે.

આમ, ઈ.પી.કો. ક.–૨૭૯,૩૩૭,૩૩૮ મુજબનો ગુનો સાબિત કરવા અંગે ફરીયાદ પક્ષ ધ્વારા એ બાબત રેકર્ડ ઉપર લાવવી જોઈએ કે આરોપી ધ્વારા કરવામા આવેલ કૃત્ય બેફામ રીતે તથા બેદરકારીથી એ કૃત્ય કરવામાં આવેલ હતુ. ઉપરોકત ત્રણેય કલમો વંચાણે લેતા તેમા બેદરકારી એ ખુબ અગત્યની બાબત જણાય આવે છે અને ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીની બેદરકારી હોવાનું સાબિત કરવું જોઈએ. ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં રજુ કરેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષના વિ.વકલીશ્રીઓની દલીલોને લક્ષમાં લઈ તેનુ કાળજીપુર્વક મુલ્યાંકન કરતા ફરીયાદ પક્ષના અગત્યના સાહેદ ફરીયાદી ગૌરાંગકુમાર પ્રવિણભાઈ પટેલને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામનો બનાવ આજથી આશરે ત્રણ ચાર મહિના પહેલા બનેલો. બનાવના દિવસે સાંજના આશરે ચારેક વાગ્યાના ગાળામાં તેમના કાકા હસમુખભાઈ કેશાભાઈ તેમના મહોલ્લાના નાકે આવેલ દુકાનની પાસેરોડ ની સાઈડમાં ઉભા હતા. તે વખતે એક અલ્ટો ગાડી કે જેનો નંબર તેમને ખબર નથી તે ફુલ સ્પીડમાં આવતી હતી તેને તેમના કાકાને ટકકર મારેલી અને તે પલ્લાચર બાજુ ગાડી લઈને જતો રહેલો. તે પછી તેમના વાસના બધા છોકરાઓએ આ ગાડીનો પીછો કરેલો. આ અલ્ટો ગાડીનો ચાલક વદરાડ ગામમાં એક છોકરીને ટકકર મારીને નવા બાકરપુર ગામે પહોચી ગયેલ હતા. જેથી આ કારના ચાલકને ત્યાંથી પકડીને તેમના ગામના છોકરા પ્રાંતિજ પોલીસ સ્ટેશને લાવેલા.તેઓ આ દિવસે પ્રાંતિજ આવેલ હતો ત્યારે તેમના

ઘરેથી આ બનાવનો ફોન આવતાં તેઓ તરત જ ઘરે પહોચેલા અને તેમના કાકાને અહી દવાખાને લાવેલ હોઈ, તેઓ તેમના ગામના છોકરાઓની પાછળ તેઓ જે બાજુએ ગયેલા તે બાજુએ મોટર સાયકલ લઈને ગયેલો અને તેઓ નવા બાકરપુરના પાટીયે પહોચેલા તે વખતે આ બધા છોકરાઓ અલ્ટો ગાડીના ચાલકને લઈને પોલીસ સ્ટશને લઈ જવા નિકળેલા. જેથી તેઓ પણ તેમની સાથે સાથે પ્રાંતિજ પોલીસ સ્ટેશને આવેલો અને ત્યાર બાદ આ અલ્ટો ગાડીના ચાલક સામે ફરીયાદ આપેલી. આ અલ્ટો ગાડીના ચાલકનું નામ હાલ તેમને યાદ નથી. અલ્ટો કારનો નંબર પણ તેમને યાદ નથી. તેમને તા.૨૧–૦૯–૧૮ ના રોજની બનાવ અંગેની અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. સદર ફરીયાદને પુરાવામાં રજુ દાખલ આંક–૧૨ આપવામાં આવે છે. આ સિવાય બનાવ અંગે તેમને બીજુ કાંઈ યાદ આવતુ નથી. તેઓ અલ્ટો ગાડીના ચાલકને જોયે ઓળખે છે. જે આજરોજ નામદાર કોર્ટમાં આરોપી તરીકે હાજર છે તે જ છે.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ સરતપાસમાં જે તેમના કાકાનો તેમજ વદરાડ ગામે બનેલ બનાવ બાબતે જણાવેલ છે તે પૈકી કોઈપણ બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તેથી તે બનાવ કેવા સંજોગોમાં, કેવી રીતે અને કોની બેદરકારીથી બનેલ અને તે સમયે વાહન ચાલક કોણ હતો તે તેઓ કહી શકે નહી. તેઓ પ્રાંતિજથી તેમના કાકાનો બનાવ જે સ્થળે બનેલો તે સ્થળે દસ થી પંદર મીનીટમાં પહોચેલો. નવા બાકરપુર ગામમાં તેઓ ગયેલ જ નથી.

**(૧૨)** આ કામે આંક–૧૩ થી સાહેદ દક્ષાબેન કાળુસિંહ મકવાણાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામનો બનાવ આજથી આશરે ત્રણ ચાર મહિના પહેલા એકવીસ

તારીખે સાંજના આશરે પાંચેક વાગ્યાના સુમારે બનેલો. બનાવ સમયે તેઓ તેમના ખેતરમાં ચાર લેવા સારૂ જતા હતી તે વખતે તેઓ રોડની સાઈડમાં ચાલતા હતા તે વખતે આ ગીરીશભાઈ મારૂતી ગાડી લઈને આવેલા અને તેમણે તેઓને પાછળથી ટકકર મારેલી. આ તબકકે સાહેદ કોર્ટમાં હાજર આરોપી ને ગીરીશભાઈ તરીકે આંગળી ચીંધીને બતાવે છે. આ ગીરીશભાઈએ તેમની ગાડીથી તેમને ટકકર મારતા તેઓ ખેતરમાં ફેંકાઈ ગયેલી અને મને માથામાં, હાથે ઈજાઓ થયેલી. આ વખતે ત્યાં તેમના બાપાનો છોકરો અજય આવેલો અને તેણે રીક્ષા બોલાવેલી અને તે રીક્ષામાં આ અજય તેમને પ્રાં તિજ સીવીલ દવાખાનામાં  સારવાર માટે લાવેલો ત્યાં તેમની સારવાર કરવામાં આવેલી અને ત્યાંથી તેમને વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલમાં લઈ ગયેલા. ત્યા તેમને નાકમાંથી લોહી પડતુ હોઈ અમદાવાદ સીવીલમાં સારવાર માટે લઈ ગયેલા. આ ગીરીશભાઈની ગાડીનો નં. ૪૩૩૯ હતો જેની સીરીઝ હાલ તેમને યાદ નથી. તેમને બીજુ એવું પણ જાણવા મળેલુ કે આ ગીરીશભાઈ અમીનપુર ગામે પણ કોઈને અકસ્માત કરીને આવેલા. આ અમીનપુર ગામે કોનો અકસ્માત કરેલો તેનું નામ હાલ તેમને યાદ નથી. પોલીસે બનાવ અંગે તેમની પુછપરછ કરી જવાબ લીધેલો. આ સિવાય તેમને બીજુ કાઈ યાદ આવતુ નથી.

આ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય વિદ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી આ સાહેદને વિમુખ થયેલા સાહેદ તરીકે જાહેર કરવામા આવેલા છે ત્યાર બાદ વધુ એ.પી.પી.શ્રી કરેલ વધુ તપાસમાં જણાવેલ છે કે,તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ કે તેમને એકસીડેન્ટ કરનાર મારૂતિ ગાડી અલ્ટો હતી અને જેનો રજીસ્ટ્રેશન નં. જી જે ૦૯ બી ડી ૪૩૨૯ નો હતો.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ ચાર લેવા જે રોડ ઉપર જતા હતી તે રોડ આજુબાજુના ખેતરોથી આશરે ચાર પાંચ ફુટ ઉંચો આવેલો છે. તેમના કહેવા મુજબ તેમને ટકકર વાગતા તેઓ તરત જ ખેતરમાં પડી ગયેલા. તેઓ જણાવે છે તેવો અમીનપુર વાળો બનાવ તેઓએ નજરો નજર જાચેલો નથી તેથી તે બનાવ અંગે તેમને કોઈ જાતમાહિતી નથી. પોલીસે તેમનો જવાબ કહેવાતા બનાવના ત્રણ દિવસ બાદ લીધેલો. ત્રણ દિવસ બાદ જે જવાબ લીધો તે પહેલા બીજો કોઈ જવાબ લીધેલ હોય તેવું બનેલ નથી. તેઓએ કોર્ટમાં હાજર આરોપીને આજરોજ સૌપ્રથમ વાર જોયેલ છે.

**(૧૩)** આ કામે આંક–૧૪ થી સાહેદ અજયસિંહ ઉદેસિંહ મકવાણાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,આ કામનો બનાવ તા. ૨૧/૮/૧૮ ના રોજ બનેલો. બનાવના દિવસ ેતેઓ તથા રણજીતસિંહ વદરાડથી પ્રાંતિજ રીક્ષામાં જતા હતા તે વખતે સાંજના આશરે ચાર સાડા ચારેક વાગ્યાના સુમારે વદરાડ ગામે આવેલ બળીયા બાપાના મંદિરના વળાંકની નજીક તેમના કાકાની છોકરી દક્ષાનો અકસ્માત થયેલ હતો. તેઓએ જોયેલ તો તેમના કાકાની છોકરી દક્ષા ત્યાં પડેલ હતી અને તેને વાગેલ હતુ. ત્યાર બાદ તેઓ તથા તેમના કાકા રણજીતસિંહ આ દક્ષાને પ્રાંતિજ સીવીલમાં સારવાર માટે લઈ ગયેલા. આ દક્ષા ચાર લેવા જતી હતી ત્યારે તેનો અકસ્માત થયેલો જે હકીકત તેની સાથેની ત્રણ ચાર છોકરી ઓએ જણાવેલી. આ દક્ષાનો અકસ્માત અલ્ટો ગાડીએ કરેલો. આ ગાડી નો નંબર તેમને ખબર નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ બનાવ સ્થળે આવ્યા ત્યારે ગાડી નીકળી ગયેલ હતી. દક્ષાને પ્રાંતિજ સીવીલ હોસ્પિ.માં દાખલ કરી તેઓ તથા તેમના કાકા રણજીતસિંહ પ્રાંતિજ પો.સ્ટે.માં ગયેલા.

ત્યાં પોલીસે તેમની અકસ્માત બાબતે પુછપરછ કરેલી અને ત્યાર બાદ તેઓ ઘરે જતા રહેલા. આ સિવાય બનાવ અંગે તેઓ બીજુ કાંઈ જાણતા નથી.

આ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી આ સાહેદને વિમુખ થયેલા સાહેદ તરીકે જાહેર કરવામા આવેલા છે તેમ છતા પણ સમર્થન કરતા નથી.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અકસ્માતવાળો બનાવ તેઓએ નજરોનજર જોયેલ નથી જેથી આ બનાવ કેવી રીતે, કેવા સંજોગોમાં, કોની બેદરકારીથી અને કયા વાહનથી થયેલ તે તેઓ કહી શકે નહી. તેમના કહેવા મુજબ પોલીસે તેમનો જવાબ કહેવાતા બનાવના દિવસે તેઓ પો.સ્ટે.ને ગયા હતા તે સમયે લીધેલ ત્યાર બાદ પોલીસે તેમનો કોઈ જવાબ લીધેલ નથી.

**(૧૪)** આ કામે આંક–૧૬ થી સાહેદ રમણભાઈ ભોળભાભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામનો બનાવ ત્રણ ચાર મહીના અગાઉ બનેલો. બનાવ વખતે સાંજના આશરે ચારેક વાગ્યે તેઓ તેમના મહોલ્લામાં રોડનુ કામ ચાલુ હતુ ત્યાં ઉભો હતો. તે વખતે હસમુખભાઈ પણ તેમની સાથે રોડ ઉપર ઉભા હતા. તે વખતે ત્યાં પ્રાંતિજ તરફથી એક કાળા કલરની ગાડી પુરઝડપે આવતી હતી. તેણે હસમુખભાઈને ટક્કર મારેલી. જેથી હસમુખભાઈ ત્યાં પડી ગયેલા અને આ ગાડીવાળો તેની ગાડી લઈને પલ્લાચર તરફ ભાગી ગયેલો. આ ગાડીનો નંબર ૪૩૨૯ હતો. આ નંબરની આગળ શુ હતુ તેનો તેમને ખ્યાલ નથી. આ વખતે તેમના ગામના માણસો આવી જતાં હસમુખભાઈ નો દિકરો મયંકભાઈ પટેલ તેમજ હસમુખભાઈના મોટા ભાઈ મનુભાઈ રોડ ઉપર આવી જતાં આ વખતે કોઈએ ૧૦૮ને ફોન કરતાં થોડીવારમાં ૧૦૮ આવી ગયેલી અને આ

હસમુખભાઈને તેમાં બેસાડી તેમનો દિકરો તથા તેમના મોટાભાઈ હિંમતનગર આરોગ્યમ હોસ્પીટલ ડો.જયક્રષ્ણ સ્વામીને ત્યાં લઈ ગયેલા અને આ હસમુખભાઈને જમણા પગે ફ્રેક્ચર થયેલ હતુ. આ બનાવ બાદ વદરાડ ગામે એક બહેનને પણ ગાડીવાળાએ ટક્કર મારેલી. કઈ ગાડીવાળાએ ટક્કર મારેલી તેની તેમને ખબર નથી. પોલીસે બનાવ અંગે તેમની પુછપરછ કરી જવાબ લીધેલો. આ સિવાય બનાવ અંગે તેઓ કઈ જાણતા નથી.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ઈજા પામનાર હસમુખભાઈ તેમના સમાજના તથા તેમના મહોલ્લાના છે. હુ દસ ધોરણ પાસ છુ.તેમના અમીનપુર ગામમાં દરેક મોહલ્લાના રોડ અલગ અલગ છે. પ્રાંતિજથી અમીનપુર થઈ મેમદપુર જવાનો રોડ પણ અલગ છે. તેમના મોહલ્લાનો રોડ આશરે ૩૦૦ ફુટ લંબાઈનો છે. તેમના મોહલ્લામાં રોડનુ કામ ચાલતુ હતુ ત્યારે ત્યાં કેટલા માણસો હતા તેની તેમને ખબર નથી.

**(૧૫)** આ કામે આંક–૧૭ થી સાહેદ હર્ષકુમાર બાબુભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામનો બનાવ તા.૨૧/૦૯/૧૮ના રોજ બનેલો. બનાવના દિવસે સાંજે આશરે ચાર સાડાચારેક વાગ્યે તેઓ તેમના ઘરે હતો તે વખતે તેમને વાતોવાતોથી જાણવા મળેલ કે તેમના ગામમા જવાના રસ્તા ઉપર પટેલ ફળીયાના નાકે હસમુખભાઈને એકગાડીવાળો ટક્કર મારીને જતો રહેલ છે. ત્યારબાદ તેઓ બાઈક લઈને નાકે એટલે કે બનાવસ્થળે ગયેલો અને ત્યાંથી મોટરસાઈકલ ઉપર ગાડીવાળાનો પીછો કરેલો અને પલ્લાચર અને ત્યાંથી વદરાડ ગામે આવેલો ત્યાં મને જાણવા મળેલ કે ત્યાં પણ એક છોકરીને ટક્કર મારી કાર ચાલક નવાબાકરપુર તરફ જતો રહેલ છે. ત્યાર બાદ તેઓ

નવાબાકરપુરા ગામે ગયેલો ત્યાં આરોપી હાજર હતો અને તેની ગાડી પણ હતી અને તેઓએ આરોપીને પુછપરછ કરેલી કે તમે કયા ગામના છો? તો આરોપીએ પોતાનુ નામ ગીરીશભાઈ ચીમનભાઈ પટેલ રહે. આકોદરાના હોવાનુ જણાવેલુ. આ આરોપીની ગાડી કાળા કલરની અલ્ટો હતી. જેનો નંબર જી.જે.૦૯.બી.ડી.૪૩૨૯નો હતો. આ કાર ચાલક દારૂ પીધેલી હાલતમાં ગાડીની બાજુમાં નીચે ઉભો હતો. ત્યારબાદ તેઓ તથા ગૌરાંગ તેને તેમની મોટરસાઈકલ ઉપર બેસાડી પ્રાંતિજ પોલીસ સ્ટેશને લાવેલા. તેઓ ત્યાં પહોંચ્યો ત્યાર બાદ બીજા બધા તેમના ગામના લોકો પણ ત્યાં આવી ગયેલા તેમાં આ ગૌરાંગ પણ હતો. ત્યાર બાદ આ આરોપી વિરુદ્ધ ગૌરાંગકુમારે પોલીસમાં ફરીયાદ આપેલી. આરોપીએ વદરાડ ગામે જે અકસ્માત કરેલો હતો તે બહેનનુ નામ મને જાણવા મળેલ જે નામ દક્ષાબેન હતુ. અકસ્માત બાદ હસમુખભાઈને તેમના ભાઈ મનુભાઈ હિંમતનગર ડો.જયકૃષ્ણ સોનીના દવાખાને લઈ ગયેલા અને દાખલ કરેલા. પોલીસે બનાવ અંગે તેમની પુછપરછ કરી જવાબ લીધેલો. તેઓ કારચાલક ગીરીશભાઈ ચીમનભાઈ પટેલને જોયે ઓળખે છે તેઓ આજરોજ કોર્ટમાં હાજર છે.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે,તેઓ અને હસમુખભાઈ એકજ સમાજના છીએ અને એકજ મોહલ્લામાં રહીએ છીએ. હસમુખભાઈ અને દક્ષાબેનના અકસ્માતવાળો બનાવ તેઓએ નજરેનજર જોયેલ નથી જેથી આ બન્ને બનાવો કેવી રીતે કોની બેદરકારીથી બન્યા તે તેઓ કહી શકુ નહી તેમજ તે સમયે કારચાલક કોણ હતો તે મે જોયેલો નથી કે હુ કહી શકુ નહી. પોલીસે મારો જવાબ કહેવાતા બનાવ પછી

અઠવાડીયા દસ દિવસ બાદ લીધેલો. આ અઠવાડીયા દસ દિવસ પહેલા પોલીસે તેમનો જવાબ લીધેલો હોય તેવુ બનેલ નથી.

**(૧૬)** આ કામે આંક–૨૦ થી પંચ સાહેદ કલ્પેશકુમાર અમૃતભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,"બનાવ તા.૨૧/૦૯/૧૮ ના રોજ અકસ્માત બાબતનો બનેલો હતો પ્રાંતિજ પોલીસે ગઇ તા.૨૨/૦૯/૧૮ ના રોજ પંચનામુ કરવાનુ હોઇ તે બાબતે બોલાવેલ હતા આ બનાવની ફરીયાદ ગૌરાંગ પ્રવિણભાઇ પટેલે આપેલ હતી સૌપ્રથમ અમો અમીનપુરથી પલ્લાચર જવાના આર.સી.સી. રોડ પર હાજર થયેલા આ રોડ ૨૦ ફુટ પહોળો હતો આ રોડની ઉત્તરે રમણભાઇ ભોળાભાઇનું કેબીન આવેલ છે તેનાથી વીસેક ફુટ દુર લલ્લુભાઇ મંગળભાઇ પટેલનું મકાન આવેલ છે તથા દક્ષિણે બાબુજી મહોતજીનું મકાન આવેલ છે ગુનાવાળી જગ્યાએ કોઇ લોહીના નિશાન જોવા મળેલા નહી ત્યારબાદ અમો ત્યાંથી વદરાડ તરફ ગયેલા અમો તથા બીજા બે પોલીસના માણસો તથા ફરીયાદી ગૌરાંગભાઇ હતા વદરાડ ગામે દક્ષાબેન નામની વ્યકિતને અકસ્માત કરેલ આ અકસ્માત વદરાડથી પ્રાંતિજ તરફ જતા રોડ ઉપર વસંતભાઇ નારણભાઇ પટેલના ખેતરની બાજુમાં પાકા ડામરના રોડ પર બનેલ હતી આ રોડની પહોળાઇ દસેક ફુટ જેટલી જણાયેલી આ રોડ પૂર્વ-પશ્વિમ તરફનો જણાયેલો રોડની પશ્વિમે બળદેવભાઇ બબાભાઇ પટેલનું એરંડાના વાવેતરવાળુ ખેતર આવેલ છે આ રોડ પર ગુનાવાળી જગ્યાએ લોહીના કોઇ નોંધપાત્ર નિશાન જણાયેલા નહી ત્યારબાદ અમો ત્યાંથી નીકળી બાકરપુર ગામે જવા નીકળેલા અમોને જાણવા મળેલ કે અકસ્માત કરનાર ગીરીશભાઇ ત્યાંથી આગળ નીકળી ગયેલા તેવુ અમોને દક્ષાબેન દ્વારા જાણવા મળેલુ ત્યારબાદ અમો બાકરપુરા જવા નીકળેલા અને ત્યાં જઇ અમો અલ્ટો ગાડી કાળા કલરની જોયેલી જે અલ્ટો ગાડીનો નંબર હાલ મને ચોકકસ યાદ નથી પરંતુ સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે ગાડીનો નં.૪૩૨૯ નો હતો જે ગાડી જોતા કાચ

ઉપર કષ્ટભંજન દેવ તેવુ લખેલુ તથા ગાડીના પાછળના ભાગે કાચ ઉપર સફેદ કલરથી રામ લખેલ હતુ ગાડીને જોતા આગળના ભાગની જમણી બાજુની હેડલાઇટ તુટી ગયેલ હતી તેમજ આગળનું બમ્પર અને સાઇડનો કાચ તુટેલો હતો આ ગાડીને આશરે ત્રીસ હજાર જેટલુ નુકશાન થયેલુ પોલીસે અલ્ટો ગાડી કબજે કરેલી જેની કિંમત રૂા.૨,૦૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલ આ પંચનામુ તા.૨૨/૦૯/૨૦૧૮ના રોજ કલાક ૦૮/૦૦ થી ૦૯/૦૦ દરમિયાન કરેલુ આજરોજ મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે પંચનામાને પુરાવામાં રજુ દાખલ આંક-૨૧ આપવામાં આવે છે."

આ પંચ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે આઇ.ટી.આઇ. પાસ કરેલ છે. મે આઇ.ટી.આઇ.માં ફીટરનો કોર્ષ કરેલ છે. હુ જન્મથી જ અમીનપુર મુકામે રહુ છું. હુ અમીનપુરમાં રહુ છુ તેથી અમીનપુરની તમામ ભૌગોલીક પરિસ્થિતિ સહજ રીતે જાણુ છું. હુ અમારા ગામના હસમુખ ભાઇ કેશાભાઇ અને મનુભાઇ કેશાભાઇને ઓળખુ છું. આ બંને જણા મારા પડોશી થાય છે. મને પોલીસે સૌપ્રથમ આઠ વાગે બોલાવેલ. હવે કહુ છુ કે મને પોલીસ બોલાવવા આવેલ નહી. અનુભવ ગ્રામ પંચાયતની કામગીરી નો હતો પોલીસની કામગીરીનો ન હતો. પૂર્વ-પશ્ચિમ તરફનો રોડ હોય તો પૂર્વ તરફ જોતા પણ રોડ જ હોય અને પશ્ચિમ તરફ જોતા પણ રોડ જ હોય. મે નુકશાન બાબતે તથા ગાડીની કિંમત બાબતે લખાવેલ છે પરંતુ હુ કોઇ ગર્વમેન્ટ એપ્રુવડ વેલ્યુઅર નથી. મે મારી સરતપાસમાં જણાવ્યા મુજબ,''અકસ્માત કરનાર ગીરીશભાઇ ત્યાંથી આગળ નીકળી ગયેલા તેવુ અમોને દક્ષાબેન દ્વારા જાણવા મળેલુ'' તે હકીકત ખોટી જણાવુ છુ.

**(૧૭)** આ કામે આંક–૨૨ થી સાહેદ મયંક હસમુખભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,"બનાવ

તા.૨૧/૦૯/૨૦૧૮ ના રોજ અકસ્માત બાબતનો બનેલો હતો બનાવ સમયે હુ ઘરે હાજર હતો મને વાતોવાતથી જાણવા મળેલ કે મારા પિતાજીને અમારા ગામમાં નાકા ઉપર અકસ્માત થયેલ આ અકસ્માત અલ્ટો ગાડી કાળા કલરના ગાડી ચાલકે કરેલ તેવુ જાણવા મળેલ ત્યારબાદ મારા પિતાજીને અકસ્માત થયેલ હોઇ ટોળામાંથી ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ આવી જતા હુ તથા મારી સાથે મોટાબાપા અમો બંને તેમને આરોગ્યમ હોસ્પિટલ, હિંમતનગર ખાતે લઇ ગયેલા આ અકસ્માત કરનાર અલ્ટો ગાડી નં. જી.જે.૯ બી.ડી. ૪૩૨૯ નો હતો અને આ અકસ્માતની ફરીયાદ ગૌરાંગ પ્રવિણભાઇ પટેલે આપેલ અને પોલીસે બનાવ બાબતે તા.૨૩/૦૯/૨૦૧૮ ના રોજ મારૂ નિવેદન લીધેલુ આ અકસ્માત કરનાર ચાલકે વદરાડ ગામની છોકરી કે જેનુ નામ દક્ષાબેન છે તેને પણ અકસ્માત કરેલ તેવુ અમોને જાણવા મળેલું. "

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે ,બનાવ તેઓએ નજરો નજર જોયેલ ન હોય તેથી કેવા સંજોગોમાં અને કેવી રીતે અને કયા વાહનથી થયેલો છે તેની જાત માહીતી નથી. કલ્પેશકુમાર અમૃતભાઈ પટેલ તેમના પાડોશી છે.

**(૧૮)** આ કામે આંક–૨૩ થી સાહેદ મનુભાઈ કેશાભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,"બનાવ તા.૨૧/૦૯/૨૦૧૮ ના રોજ અકસ્માત બાબતનો બનેલો હતો બનાવ સમયે હુ મારા સુઇ રહેલ હતો ત્યારે મને વાતોવાતથી જાણવા મળેલ કે મારા નાનાભાઇ હસમુખભાઇ નાકા ઉપર ઉભા હતા અને અકસ્માત થયેલ જેમાં તેમને જમણા પગે ઇજા થયેલ હતી આ અકસ્માત અલ્ટો ગાડી કાળા કલરના ગાડી ચાલકે કરેલ તેવુ જાણવા મળેલ ત્યારબાદ મારા નાના ભાઇને અકસ્માત થયેલ હોઇ ટોળામાંથી ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ આવી જતા હુ તથા મારી સાથે મયંક અમો

બંને તેમને આરોગ્યમ હોસ્પિટલ, હિંમતનગર ખાતે લઇ ગયેલા આ અકસ્માત કરનાર અલ્ટો ગાડી નં. જી.જે.૯ બી.ડી. ૪૩૨૯ નો હતો અને આ અકસ્માતની ફરીયાદ ગૌરાંગ પ્રવિણભાઇ પટેલે આપેલ અને પોલીસે બનાવ બાબતે તા.૨૩/૦૯/૨૦૧૮ ના રોજ મારૂ નિવેદન લીધેલુ આ અકસ્માત કરનાર ચાલકે વદરાડ ગામની છોકરી કે જેનુ નામ દક્ષાબેન છે તેને પણ અકસ્માત કરેલ તેવુ અમોને જાણવા મળેલું. "

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ તેઓએ નજરો નજર જોયેલ ન હોય તેથી કેવા સંજોગોમાં અને કેવી રીતે અને કયા વાહનથી થયેલો છે તેની જાત માહીતી નથી. કલ્પેશકુમાર અમૃતભાઈ પટેલ તેમના પાડોશી છે.

**(૧૯)** આ કામે આંક-૨૪ થી સાહેદ હસમુખભાઈ કેશાભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,"મારે સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. મારી દિકરી મોટી છે જેનુ નામ હેત્તલ છે અને નાનો મયંક છે. ગઇ તા.૨૧/૦૯/૨૦૧૮ ના રોજ હુ સાડા ચારેક વાગે મારા ખેતરમાંથી અમારા ગામમાં ફળીયામાં આર.સી.સી. રોડ બનતો હતો તે સમયે હુ ઉભો હતો ત્યારે એક અલ્ટો ગાડી નં. જી.જે.૯બી.ડી.૪૩૨૯ કાળા કલરની ગાડી આવી અસ્ત વ્યસ્ત ડ્રાઇવીંગ હતુ અને તેણે આવીને મને જમણા પગે ભટકાવેલ ત્યારબાદ હુ બેભાન થઇ ગયેલો ત્યારબાદ ફળીયામાંથી કોઇએ ૧૦૮ને બોલાવેલ અને ૧૦૮ આવતા મને તેમાં બેસાડી હિંમતનગર ખાતે ડોકટર જયકૃષ્ણ સોનીના દવાખાને લઇ ગયેલા અને જમણા પગે ભટકાવાથી મને ફ્રેકચર થયેલુ અને તેમાં મને બે સળીયા નાંખેલા અને માાર પગનું તળીયુ ચિરાઇ ગયેલુ જેમાંથી હાડકુ દેખાતુ હતુ અને ત્યાં સોળ ટાંકા લીધેલા અને મારા જમણા પગની છેલ્લી આંગળીમાં ક્રેક થઇ

ગયેલી અને જમણા પગનો બોલ પણ ક્રેક થઇ ગયેલો. આ બનાવની ફરીયાદ મારા ભત્રીજા ગૌરાંગ પ્રવિણભાઇ પટેલે તા.૨૧/૦૯/૨૦૧૮ ના રોજ આપેલી. પોલીસે મારૂ નિવેદન તા.૨૨/૦૯/૨૦૧૮ ના રોજ લીધેલુ તેમજ આ અલ્ટો ગાડી નં. જી.જે.૯ બી.ડી.૪૩૨૯ ના ચાલકે વદરાડ ગામે કોઇ છોકરીને પણ ટકકર મારેલી અને તેને માથાના ભાગે ઇજા થયેલી અને તેને અમદાવાદ પાંચ-છ દિવસ દાખલ કરેલી તેવુ મને જાણવા મળેલું. આરોપીને જોયેથી ઓળખુ છુ જે આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે."

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે મારી સરતપાસમાં જણાવ્યા મુજબ,''તે સમયે હુ ઉભો હતો ત્યારે એક અલ્ટો ગાડી નં. જી.જે.૯ બી.ડી.૪૩૨૯ કાળા કલરની ગાડી આવી અસ્ત વ્યસ્ત ડ્રાઇવીંગ હતુ'' તેવી હકીકત મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં ગાડીના ચાલકનું નામ તથા વર્ણનની કોઇ હકીકત લખોવલ નથી. ''અલ્ટો ગાડી નં. જી.જે.૯ બી.ડી.૪૩૨૯ ના ચાલકે વદરાડ ગામે કોઇ છોકરીને પણ ટકકર મારેલી''ની જે હકીકત જણાવેલ છે તે બનાવ મે નજરે નજર જોયેલ નથી. મને ટકકર વાગ્યા બાદ હુ બેભાન થઇ ગયેલ ત્યારબાદ મે કોઇ વસ્તુ જોયેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ટકકર વાગતા પહેલા મે ગાડીને આવતા જોયેલ તેના નંબર જોયેલ તથા આરોપી ને ગાડી ચલાવતા જોયેલ. ટકકર વાગતા પહેલા મે ગાડીને આવતા જોયેલ તેના નંબર જોયેલ તથા આરોપીને ગાડી ચલાવતા જોયેલ તેવી હકીકત મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખોવલ નથી. ''જમણા પગે ભટકાવાથી મને ફ્રેકચર થયેલુ અને તેમાં મને બે સળીયા નાંખેલા અને માાર પગનું તળીયુ ચિરાઇ ગયેલુ જેમાંથી હાડકુ દેખાતુ હતુ અને ત્યાં સોળ ટાંકા લીધેલા અને મારા જમણા પગની છેલ્લી આંગળીમાં ક્રેક થઇ ગયેલી અને જમણા પગનો બોલ પણ ક્રેક થઇ ગયેલો'' તેવી હકીકત મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. સાહેદ

સ્વેચ્છાએ જણાવે છે કે, નિવેદન લખાવ્યા બાદ રીપોર્ટ આવતા જાણ થયેલી. રીપોર્ટ આવ્યા બાદ જાણ થતા તેની જાણ પોલીસને કરેલી નહી. પોલીસે મારૂ નિવેદન હોસ્પિટલમાં લીધેલુ. નિવેદન પોલીસે મારા લખાવ્યા મુજબ લખેલું.મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે,''મને મારા ભત્રીજા ગૌરાંગકુમાર દ્વારા જાણવા મળેલ કે મને આ એકસીડન્ટ કરનાર મારૂતી ગાડી અલ્ટો હતી અને જેનો રજીસ્ટ્રેશન નંબર જી.જે. ૯ બી.ડી.૪૩૨૯ નો હતો''.

**(૨૦)** આ કામે આંક–૨૫ થી સાહેદ જગદીશચંદ્ર કમલેશકુમાર પ્રણામીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,"હુ છેલ્લા ચાર મહિનાથી તાલુકા આરોગ્ય કચેરી, માલપુર ખાતે તાલુકા આરોગ્ય અધિકારી તરીકે ફરજ બજાવુ છુ. ગઇ તા.૨૧/૦૯/૨૦૧૮ ના રોજ મેડીકલ ઓફીસર તરીકે સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાંતિજ ખાતે મારી ફરજ પર હતો ત્યારે સાંજે ૦૪/૫૫ કલાકે દર્દી નામે દક્ષાબેન કાળુસિંહ મકવાણા, ઉ.વ.૧૭, રહે.વદરાડ, તા.પ્રાંતિજ, જી.સાબરકાંઠાનાાએ પોલીસ યાદી વગર સારવાર માટે આવેલ હતા. જેઓને બનાવ અંગેની હકીકત પુછતા જણાવેલ કે, વદરાડ ગામ પાસે બળીયાબાવાના વળાંક આગળ એક મોટર કારે ટકકર મારેલ છે. તેઓની ચકકરની ફરીયાદ હતી. તેઓને તપાસતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ હતી. ૧. તેઓને માથાના પાછળના ભાગે ઓકસીમીટર હાડકા ઉપર ૩×.૫×.૫ સે.મી. સાઇઝનો કપાયેલો છુંદાયેલો ભાગ હતો જેની માર્જીન અનિયમીત હતી અને ત્યાં લાલાશ અને લોહી હતું. ૨.શરીરના પાછળના ભાગે છોલાયેલુ હતું. આ દર્દીને મે પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે હિંમતનગર સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરેલા. મારા અભિપ્રાય મુજબ ઉપરોકત ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી અને તાજી હતી. આ દર્દીને પ્રાથમિક સારવાર બાદ આપેલ સર્ટીફીકેટ એમ.એલ.સી. નં. ૫૯૦/૨૦૧૮ આજરોજ રજુ કરૂ છુ જેમાં નીચે મારી સહી અને મારા હોદાનું

સીલ છે જે ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક-૨૬ આપવામાં આવે છે. તે જ દિવસે સાંજે ૦૭/૦૦ કલાકે પ્રાંતિજ પો.સ્ટે.ની પોલીસ યાદી સાથે પો.કો. સચીનકુમાર જે. બ.નં.૦૨૮૩નાઓ ગીરીશકુમાર ચીમનભાઇ પટેલ, ઉ.વ.૩૯, રહે.આકોદરા, તા.હિંમતનગરના ઓએ નશો કરેલ હોઇ બ્લડ સેમ્પલ માટે લઇને આવેલ હતા. જે યાદી આજરોજ રજુ કરૂ છું જેને રજુ દાખલ આંક-૨૭ આપવામાં આવે છે. તેઓને મે સાંજે ૦૭/૦૫ કલાકે તપાસેલા. તપાસ દરમ્યાન તેઓના શ્વાસમાં આલ્કોહોલની વાસ આવતી હતી, તેમની ભાષા સામાન્ય હતી, ચાલ સ્થિર હતી અને આંખની કીકી પહોળી હતી. મારા અભિપ્રાય મુજબ તેઓએ આલ્કોહોલ લીધેલો અને આ તપાસ દરમ્યાન લોહીની તપાસ માટે લોહીનો નમૂનો લેવામાં આવેલ હતો જે માટે જે જગ્યાએથી લોહી લેવાનું હતુ તે જગ્યાની સ્ટરાઇલ વોટર વડે સાફ કરેલ હતો અને લોહી લેવામાં આવેલ જે સીરીંજ અને નીડલ વાપરવામાં આવેલ તે સ્ટરાઇલ હતી. લોહી જે ટયુબમાં લેવામાં આવેલ તે સ્ટરાઇલ હતી અને આ દર્દીનુ ૫ મી.લી. લોહી લઇ ટયુબમાં લેવામાં આવેલ ત્યારબાદ ટયુબને બંધ કરી થોડી વાર હલાવી ત્યારબાદ તેના ઉપર દર્દીનું નામ અને જરૂરી વિગતો લખેલ અને ટયુબને લાખ વડે સીલ કરેલ. ત્યારબાદ દર્દીનું ફોર્મ-એ ભરેલ અને ફોર્મ અને ટયુબને એક બોક્ષમાં મુકેલ અને તેને લાખ વડે સીલ કરેલ. ત્યારબાદ તે બોક્ષને તપાસણી માટે જે જગ્યાએ મોકલવાનું હતુ તે એફ.એસ.એલ. લેબોરેટરી, ગાંધીનગરનું સરનામુ લખી અને મોકલનારનું સરનામુ લખી તા. ૨૧/ ૦૯/ ૨૦૧૮ ના રોજ મોકલી આપેલ. આ દર્દીની તપાસ સાંજે ૦૭/૨૦ કલાકે પુરી કરેલ અને ફોર્મ-એ માં તેમની સહી કરાવેલ અને ઓળખના નિશાન તરીકે જમણા હાથે ઉપરના ભાગે ઓમનું નિશાન હતુ. ત્યારબાદ ફોર્મ-એ માં મારી સહી અને હોદાનું સીલ કરેલ અને ફોર્મ-એ આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક-૨૮ આપવામાં આવે છે. આ તપાસ બાદ ફોર્મ-સી ગાંધીનગરથી આવેલ છે જેમાં .૦૭૬૪ ગ્રામ

પર્સન્ટ વેઇટ બાય વોલ્યુમ ઇથાઇલ આલ્કોહોલ હતો. જે આજરોજ રજુ કરૂ છું જેમાં સાયન્ટીફીક ઓફીસર, ગાંધીનગરનાઓની સહી છે જે મને સંબોધીને મોકલવામાં આવેલ છે. જેને રજુ દાખલ આંક-૨૯ આપવામાં આવે છે."

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે જે દક્ષાબેન કાળુસિંહ મકવાણાને તપાસેલા તે પોલીસ યાદી વગર સારવાર માટે આવેલા. દક્ષાબેને જે હિસ્ટ્રી લખાવેલી તેમાં ગાડી કઇ કંપનીની હતી, તેના નંબર કે તેના ચાલક કોણ હતા તેવી કોઇ જ હકીકત લખાવેલ નહી. ચકકર આવવાની ફરીયાદ ઘણી વખત કાલ્પનિક પણ હોઇ શકે. આંક-૨૬ વાળા સર્ટી.માં જણાવેલ ઇજા ઓ કોઇપણ વ્યકિત રોડ પર ચાલતી જતી હોય અને બાજુમાં ૫-૬ ફુટ નીચા ખેતર હોય અને તેમાં ફોર્સફુલી કોઇપણ કારણોસર પડી જાય તો આવા પ્રકારની ઇજા થઇ શકે. કોઇપણ એમ.એલ.સી. કેસ આવે તો અમારે તેવા સંજોગોમાં પોલીસને જાણ કરવાની હોય છે. મે જે દર્દીને તપાસેલા તેના ઓળખ નો કોઇ પુરાવો મે લીધેલ નહી કે આ કામે રજુ રાખેલ નથી. મે જે દર્દીને હિંમતનગર સીવીલ હોસ્પિટલ રીફર કરેલા તે દર્શાતો કોઇ દસ્તાવેજી પુરાવો મે આ કામે રજુ રાખેલ નથી. આંક-૨૬ વાળા સર્ટી.માં મે ટાઇપ ઓફ ઇન્જરી જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, દર્દીને હિંમતનગર રીફર કરેલ હોઇ તેના કેવા પ્રકારની ઇજા હતી તે જણાવવાનું પેન્ડિંગ રાખેલ. પોલીસ કોઇપણ વ્યકિતને બ્લડ સેમ્પલ લેવા માટે લઇને આવે ત્યારે જો તે વ્યકિતનું બ્લડ લેવામાં આવે તો ફોર્મ-એ માં બ્લડ લેવામાં આવ્યા બદલ ટીક કરવાનું હોય છે. મે સરતપાસમાં બ્લડ સેમ્પલ લેવાની જે પ્રક્રિયા જણાવી તે ફોર્મ-એ માં દર્શાવી નથી. મે આ કામે બ્રેથ એનાલાઇઝરનો કોઇ ઉપયોગ કરેલ નહી કે તેના વડે કોઇ ટેસ્ટ કરેલ નહી. કોઇપણ સેમ્પલ લેવામાં આવે અને નિયત સમયમર્યાદામાં લેબોરેટરી માં પહોંચે નહી તેમજ નિયત સમયમર્યાદામાં ટેસ્ટ ન કરવામાં આવે તો તેના

પરીણામમાં વિપરીત અસર પડે. મને આંક-૨૯ વાળુ ફોર્મ-સી બતાવવામાં આવે છે જે જોઇને કહુ છુ કે તેમાં બ્લડ લીધાની તારીખ ૨૧/૦૯/૨૦૧૮, લેબોરેટરીમાં પહોંચયા તારીખ ૦૫/૧૦/૨૦૧૮ જણાવેલ છે. આ બ્લડ સેમ્પલ દિન-૭ માં લેબોરેટરીમાં પહોંચેલ નહી. આંક-૨૮ વાળા ફોર્મ-એ માં રાઉન્ડ સીલ કરેલ નથી.

**(૨૧)** આ કામે આંક–૩૧ થી સાહેદ જયકૃષ્ણ અશોકભાઈ સોનીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,વર્ષ ૨૦૧૮માં તેઓ હિંમતનગર આરોગ્યમ હોસ્પીટલ ખાતે ડોકટર તરીકે ફરજ બજાવતા હતો તે દરમ્યાન તા.૨૧/૯/૧૮ ના રોજ તેઓ હોસ્પીટલ ખાતે હાજર હતા ત્યારે દર્દી નામે હસમુખભાઈ કેશાભાઈ પટેલનાઓને રોડ અકસ્માત થતા તેમની હોસ્પીટલ મા લાવવામા આવેલા અને જે દર્દીને દાખલ કરવામા આવેલ અને તેની સારવાર કરેલી સદર દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી. <u>ઈજા નં</u> : (૧). દર્દીને જમણા સાથળમા થાપાના બોલમા ફેકચર જોવા મળેલ. (૨). દર્દીને જમણા સાથળમા હાડકામા વચ્ચે ફેકચર થયેલ. (૩). દર્દીને જમણા પગમા ઢીંચણની નીચેના હાડકામા ફેકચર થયેલ. (૪). દર્દીને જમણા પગના પંજામા ત્રીજા,ચોથા અને પાંચમા નંબરની આંગળીઓના હાડકામા વચ્ચે ફેકચર થયેલ. આમ સદર દર્દીને ઉપરોકત ઈજાઓ થયેલ હોય દર્દીને ઓપરેશન સારુ મેડીસ્ટાર હોસ્પીટલ હિમતનગર સારુ રીફર કરેલ અને સદર દર્દીનુ ઓપરેશન મે કરેલુ. આજ રોજ તેમને તા.૧૧/૧૧/૨૦૧૮ ના રોજનું સારવાર સર્ટીફીકેટ બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે આ અસલ સર્ટી આરોગ્યમ ઓર્થો.હોસ્પીટલ, હિમતનગર નુ છે જેમા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક ૩૨

આપવામા આવે છે. તેમના અભિપ્રાય પ્રમાણે આવી ઈજાઓ અકસ્માત થવાથી થાય છે.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે,આ દર્દી તેમના કહેવા પ્રમાણે પોલીસ યાદી સિવાય આવેલ. કોઈ પણ એમ. એલ. સી કેસ આવે ત્યારે તેમને પોલીસને જાણ કરવી ફરજીયાત છે. પશ્ન : આપે પોલીસને કોઈ જાણ કરેલ નહી એ વાત ખરી છે.? જવાબ : દર્દીના સગાએ પોતે જાણ કરી હતી મે જાણ કરેલ ન હતી. આંક-૩૨ વાળા સર્ટીફીકેટમા દર્દીના કોઈ ઓળખ ચિન્હો દર્શાવેલા નથી. આંક-૩૨ વાળા સ ર્ટીફીકેટમા દર્દીને કેટલા વાગે મારી સમક્ષ લાવવામા આવેલા તેવી કોઈ હકીકત જણાવેલ નથી. દર્દીએ હિસ્ટ્રીમા કોઈ વાહન નંબર, વાહન ચાલક અંગેની હકીકત, કથીત બનાવ સ્થળ કે કથીત બનાવ સમયની કોઈ જ હકીકતો તેમને જણાવેલ નથી અને આવી કોઈ હકીકત તેમને તેમના સર્ટીફીકેટ માં પણ જણાવેલ નથી. તેઓએ તેમની સરતપાસમા જે ઈજાઓનું વર્ણન કરેલ છે તેવી ઈજાઓ કોઈ વ્યકિત દશ અગિયાર ફુટની ઉંચાઈથી પડે અને નીચે જમીન પર હાર્ડ સરફેસ હોય તો આવી ઈજાઓ થઈ શકે.

**(૨૨)** આ કામે આંક-૩૩ થી ત.ક.અ. પ્રણવભાઈ ગોરધનભાઈ પ્રજાપતિ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૧/૯/૨૦૧૮ ના રોજ તેઓ પ્રાંતિજ મુકામે અ.હે.કો. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પ્રાંતિજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૨૯/૨૦૧ ૮, ઈ.પી.કો. કલમ -૨૭૯,૩૩૭,૩૩૮, તથા એમ.વી.એકટ કલમ-૧ ૭૭,૧૮૪,૧૮૫ મુજબનો ગુનો નોંધી આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ તમામ સાધનીક કાગળો સાથે તપાસ સંભાળી લીધેલ. ત્યાર બાદ તા.૨૨/૯/૨૦૧૮ ના રોજ આ ગુનાના કામે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું

તેમની રૂબરુમાં કરી લીધેલ, જેમા પંચ નં.૧ તરીકે કલ્પેશકુમાર અમૃતભાઈ પટેલ તથા પંચ નં.ર તરીકે કુંદનકુમાર લલ્લુભાઈ પટેલનાઓ રૂબરુ કરી લીધેલ, આરોપીને અટક કરી મેડીકલ તપાસણી સારૂ પ્રાંતિજ સી.એચ. સી. માં લઈ ગયેલા. ત્યાર બાદ આરોપીને નામદાર સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન્સ મુજબ જામીન ઉપર મુકત કરેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને ઈજા પામનારનું સારવાર સર્ટી. તપાસના કામે સામેલ રાખેલું અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોઈ નામદાર કાર્ટમા ચાર્જશીટ કરેલ. આ કામના આરોપીને ઓળખે છે જે કોર્ટમા હાજર છે તે જ છે.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ છેલ્લા ૧૩ વર્ષથી પોલીસખાતામાં નોકરી કરે છે. તેઓ સને ર૦૧૭ થી કોઈ પણ ગુનાની તપાસ અધિકારી તરીકેની કામગીરી કરે છે. તેઓ સી.આર.પી.સી., એમ. વી.એકટ અને પોલીસ મેન્યુઅલ થી વાકેફ છે. આ કામના ઈજા પામનાર, ફરીયાદી તથા સાહેદો એકબીજાના સગા સબંધી છે. આ કામે તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. પોલીસ મેન્યુઅલ પ્રમાણે પંચો નિષ્પક્ષ, સ્વતંત્ર અને પ્રતિષ્ઠીત હોવા ફરજીયાત છે. કોઈ પણ ગુનાના કામે એક કરતા વધુ વસ્તુઓ કે એક કરતા વધુ જગ્યાનું પંચનામું કરવાનું હોય એવા સંજોગોમા પ્રાથમિક પંચનામું કરવું ફરજીયાત છે. આ કામે તેઓએ કોઈ પ્રાથમિક પંચનામું કરેલ નથી. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે આ કામે એક કરતા વધુ બનાવનું પંચનામું નથી. અટક કરેલ કોઈ પણ વ્યકિતની તબીબી તપાસ કરવાની જરૂર પડે તેવા સંજોગોમા પોલીસ સબ ઈન્સપેકટર(પી.એસ.આઈ) થી ઉતરતા દરજજાના નહી તેવા પોલીસ અધિકારી ની સહીથી તબીબને વિનંતી પત્ર એટલે કે યાદી મોકલવી પડે. તેમને આંક–ર૭ વાળી યાદી બતાવવામા આવે છે તે જોઈને કહે છે કે તેમા જે તે

વખતના પી.આઈ. કે પી.એસ.આઈ.ની કોઈ સહી નથી. તેમને આ કામની એફ.આઈ.આર. બતાવવામા આવે છે તે જોઈને કહે છે કે તેમા હાલ નો ગુનો રજીસ્ટર્ડ થયા નો સમય ૧૮:૩૦ કલાક નો છે. આ કામના આરોપી ને ૧૮:૩૫ કલાકે અટક કરેલ છે. ગુનો નોંધાયાની તારીખ તથા આરોપીની અટક કરેલાની એક જ તારીખ છે. આ કામના આરોપીને અટક કર્યા બાદ અડધા કલાક સુધી તેમની સમક્ષ રાખેલ. આ કામે આરોપીને અટક કર્યા પહેલા કે પછી તેમની શરીરસ્થિતીનુ પંચનામું કરવામાં આવેલ નથી. એમ.વી.એકટ કલમ –૧૮૫ મુજબની ફરીયાદ દાખલ કરવાની સત્તા માત્ર અને માત્ર પોલીસ અધિકારીને જ છે. હાલના આરોપી વિરુઘ્ધ તેઓએ કે કોઈ પણ પોલીસ અધિકારી એ એમ.વી. એકટ કલમ–૧૮૫ મુજબની કોઈ જ ફરીયાદ દાખલ કરેલ નથી. તેઓએ આ કામે તેમના કહેવા મુજબ વદરાડ ગામના સાહેદ નં.૪ દક્ષાબેન, સાહેદ નં.૫ અજયસિહ, સાહેદ નં.૬ રણજીતસિહ સિવાય વદરાડ ગામના અન્ય કોઈ વ્યકિત કે સાહેદનું નિવેદન લીધેલ નથી કે આ કામે રજુ રાખેલ નથી. તેઓએ તપાસ સંભાળ્યા બાદ ફરીયાદ વાંચેલી. તેઓએ આ કામે ફરીયાદીનું વિશેષ નિવેદન લીધેલ નથી. આ કામની જે ફરીયાદ છે તે તેમની રૂબરુ ની નથી. ફરીયાદ મુજબ ફરીયાદી તથા હર્ષકુમાર બાબુભાઈ મો.સા. ઉપર જે વ્યકિતને લાવેલા તે વ્યકિતને તેઓએ અટક કરેલી. આ કામના ફરીયાદી તથા સાહેદ હર્ષકુમાર બંનેમાથી કોઈએ બનાવ નજરે જોયેલ નથી. કહેવાતા અકસ્માતના બનાવમાં કથીત ઈજા પામનાર દક્ષાબેન કે હસમુખભાઈનાઓ રૂબરુ તેઓએ અટક કરેલ વ્યકિત જ વાહન ચલાવતો હતો કે કેમ તે સારૂ કાયદા મુજબની કોઈ જ ઓળખ પરેડ કરાવેલ નથી. આ કામના કહેવાતા ઈજા પામનારાઓએ તેમની રૂબરુના નિવેદનમાં વાહન નંબર બાબતે તેઓને કોઈ અંગત જાણકારી હોય તેવી કોઈ જ હકીકત

જણાવેલી નથી. આ કામના કહેવાતા ઈજા પામનારાઓએ તેમની સમક્ષના નિવેદનમાં વાહન ચાલક કોણ હતો કે વાહનચાલક બાબતે ની વિગતો જેવી કે નામ, સરનામુ, ઉમર, વર્ણન જણાવેલ નથી. આ કામે ઈજા પામનાર દક્ષાબેનનું નિવેદન તા.૨૨/૦૯/૨૦૧૮ ના રોજ લીધેલું. દક્ષાબેને પોતાના નિવેદનમાં એવું લખાવેલ નથી કે ''બનાવ સમયે તેઓ તેમના ખેતરમાં ચાર લ ેવા સારૂ જતી હતી તે વખતે તેઓ રોડની સાઈડમા ચાલતી હતી તે વખતે આ ગીરીશભાઈ મારૂતિ ગાડી લઈને આવેલા અને તેમણે મને પાછળથી ટકકર મારેલી.'' દક્ષાબેને પોતાના નિવેદનમાં એવું લખાવેલ નથી કે '' આ ગીરીશ ભાઈએ તેમને ગાડીથી ટકકર મારતા હું ખેતરમા ફેંકાઈ ગયેલી.'' દક્ષા બેને પોતાના નિવેદનમા એવું લખાવેલ નથી કે '' ત્યાંથી તેમને વધુ સારવાર અર્થે હિમતનગર સીવીલમા લઈ ગયેલા, ત્યાં તેમને નાકમાથી લોહી પડતુ હોઈ અમદાવાદ સીવીલમા સારવાર માટે લઈ ગયેલા''. દક્ષાબેને તેમની રૂબરુના તેમના નિવેદનમાં આરોપીનું નામ ગીરીશભાઈ હોવાનું તેમજ તેઓનું કોઈ વર્ણન લખાવેલુ નથી. આ કામે સાહેદ અજયસિંહ ઉદેસિંહ મકવાણાનું નિવેદન તેઓએ તા.૨૨/૦૯/૨૦૧૮ ના રોજ લીધેલું. અજયસિંહે તેમની રૂબરુના નિવેદનમા એવું લખાવેલ નથી કે ''તે વખતે સાંજના આશરે સાડા ચારેક વાગ્યાના સુમારે વદરાડ ગામે આવેલા બળીયાબાપાના મંદિરના વળાંકની નજીક મારા કાકાની છોકરી દક્ષાનો અકસ્માત થયેલ હતો.'' આ કામે સાહેદ હર્ષકુમાર બાબુભાઈનું નિવેદન તેઓએ તા.૨૨/૦૯/૨૦૧૮ ના રોજ લીધેલુ. હર્ષકુમારે તેમની રૂબરુના નિવેદનમાં એવું લખાવેલ નથી કે '' ત્યાર બાદ હું નવાબાકરપુરા ગામે ગયેલો ત્યાં આરોપી હાજર હતો અને તેની ગાડી પણ હતી અને મે આરોપીને પુછપરછ કરેલી કે તમે કયા ગામના છો તો આરોપીએ પોતાનુ નામ ગીરીશભાઈ ચીમનભાઈ પટેલ, રહે–આકોદરાના

હોવાનુ જણાવેલ.'' તેઓએ આ કામે કથીત બનાવ સ્થળનો કોઈ જ નકશો બનાવેલ નથી કે આ કામે રજુ રાખેલ નથી. તેઓએ આ કામે વાહનનો કોઈ એફ.એસ.એલ. રીપોર્ટ કે યાંત્રીક ચકાસણી કરાવેલ નથી. તેઓએ આ કામે આરોપીને એમ.વી.એકટ કલમ–૨૦૯ મુજબની નોટિસ આપેલ નથી.

**(૨૩)** આમ**,** ઉપરોકત ફરીયાદીની જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓ બનાવ સ્થળે હાજર ન હોય તથા બનાવ તેઓ એ નજરે જોયેલ ન હોય તેમજ બનાવના સમાચાર મળતા તેઓને બનાવની જાણ થયેલી આમ હાલના અકસ્માતનો બનાવ કઈ રીતે તથા કયા સંજોગોમાં બનેલો તેમજ કોની ભુલ તથા બેદરકારીના કારણે હાલનો બનાવ બનેલો તે અંગે તેઓને કોઈ અંગત માહીતી ન હોય તે બાબત સ્વાભાવીક રીતે માની શકાય તેમ હોય સદર સાહેદની જુબાનીથી આરોપી વિરુઘ્ધ નો કોઈ સબળ પુરાવો અત્રેની કોર્ટના રેકર્ડ પર આવતો ન હોય તે સંજોગોમાં આરોપી ધ્વારા તેઓનું વાહન બેફીકરાઈ તથા ગફલતભરી રીતે ચલાવી અકસ્માત કરેલ હોય તેવી કોઈ બાબત સ્પષ્ટ રીતે અત્રેની કોર્ટના રેકર્ડ ઉપર આવતી ન હોય અને તે સંજોગોમાં ફરીયાદીના પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠેરવી શકાય તેમ નથી. વધુમાં આંક–૧૩ થી સાહેદ દક્ષાબેન તેઓની જુબાનીમાં જણાવે છે કે અમનીપુર વાળો બનાવ તેઓએ નજરે નજર જોયેલ નથી તેથી બનાવ અંગે તેઓને કોઈ જાત માહીતી નથી. તેમજ આંક–૧૪ ના સાહેદ અજયસિંહ તથા આંક–૧૭ ના સાહેદ હર્ષકુમાર તથા આંક–૨૨ થી સાહેદ મયંક તથા આંક–૨૩ થી સાહેદ મનુભાઈ તેમની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે અકસ્માતવાળો બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી જેથી આ બનાવ કેવી રીતે **,** કેવા સંજોગોમાં **,**કોની બેદરકારીથી અને કયા વાહનથી બનેલ તે તેઓ કહી શકે નહી. આંક–૧

૬ થી રમણભાઈની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ગાડી નંબર જણાવે છે પરંતુ સદર બનાવ સમયે સદર વાહન ચાલકને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ નથી. તેમજ સદર સાહેદની જુબાનીથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં આંક–૨૪ થી સાહેદ હસમુખભાઈ ને તપાસેલ છે ઉપરોકત સાહેદના પુરાવાનું મુંલ્યાંકન કરતા તેઓની જુબાનીમાં જણાવે છે કે અકસ્માત થતા તેઓ બેભાન થઈ ગયેલ ત્યાર બાદ તેઓએ કોઈ વસ્તુ જોયેલ નહી. વધુમાં સદર સાહેદે તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ કે તેમને તેમના ભત્રીજા ગૌરાંગકુમાર દવારા જણાવવા મળેલ કે ગાડીનો નં.જી.જે.૯ બી.ડી. ૪૩૨૯ નો હતો તે સંજોગોમાં હાલના આરોપી ધ્વારા તેમના હવાલામાનું વાહન બેફીકરાઈ તથા ગફલતભરી રીતે ચલાવી અકસ્માત કરી ઈજા કરેલ હોય તેવી કોઈ બાબત સ્પષ્ટ રીતે જણાય આવતી નથી. ઉલટતપાસમાં બનાવ સમયે વાહનની ગતિ કેવી હતી તથા કયા સંજોગોમાં ઈજા પામનારને ઈજા થયેલી તે અંગેનો કોઈ પુરાવો તેઓની જુબાનીમાં રજુ રાખતા નથી.તે સંજોગોમાં હાલના આરોપી દવારા જ તેઓનું વાહન બેદરકારીપુર્વક ચલાવી અકસ્માત કરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો સદર સાહેદની જુબાનીથી રેકર્ડ પર આવતો ન હોય તે સંજોગોમાં હાલના સાહેદની જુબાનીના આધારે પણ આરોપી વિરુધ્ધનો ગુનો નિ:શંક પણે પુરવાર થતો નથી.વધુમાં આંક–૨૫ થી ડો. સાહેદ જગદીશચંદ્ર તેઓની ઉલટતપાસમાં સ્વિકારે છે કે પોલીસ યાદી વગર સારવાર માટે આવેલા તેમજ સારવાર યાદી માં જે હીસ્ટ્રી લખાવેલ તેમાં ગાડીના નંબર કે તેના ચાલક કોણ હતા તેવી કોઈ જ હકીકત લખાવેલ નથી. તેમજ તેઓએ સરતપાસમાં જે બ્લડ લેવાની પ્રક્રીયા જણાવી તે ફોર્મ એ માં દર્શાવી નથી. તેમજ કોઈપણ સેમ્પલ લેવામાં આવે અને નિયત સમયમર્યાદામાં લેબોરેટરીમાં

પહોચે નહી તેમજ નિયત સમયમર્યાદામાં ટેસ્ટ ન કરવામાં આવે તો તેના પરીણામમાં વિપરીત અસર પડે તેમ જણાવે છે તેમજ તેઓએ બ્લડ તા.૨૧/૯/૧૮ ના રોજ જણાવેલ છે જયારે લેબોરેટરીમાં પહોચ્યા તા.૫/૧૦/૧૮ જણાવે છે. આમ ૭ દિવસ માં સેમ્પલ પહોચેલ નહી. આમ સેમ્પલ લેવાના મેન્ડેટરી પ્રોવીશનનો ભંગ થયેલ હોવાનું જણાઈ આવે છે. આથી કલમ–૧૮૫ ના તત્વો પુરવાર થઈ શકતા નથી. વધુમાં આંક–૩૧ થી ડો. જયકૃષ્ણનાઓએ તેમની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી અનુરૂપ જુબાની આપેલ છે. વધુમાં આંક–૩૩ થી ત.ક.અ. તેમની જુબાની ધ્યાને લેવામા આવે તો આરોપી ધ્વારા તેમના હવાલામાનું વાહન બેફીકરાઈ તથા ગફલતભરી રીતે ચલાવી અકસ્માત કરી સાહેદને ઈજા કરી હોય તેવી કોઈ બાબત સ્પષ્ટ રીતે જણાય આવતી નથી. આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. આમ હાલના સાહેદનો પુરાવો જોતા તેઓએ ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી અનુરૂપ જુબાની આપેલ છે. અને જેનાથી આરોપીની કોઈ હાલના ગુનામાં સંડોવણી પુરવાર થતી નથી. આમ રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા આરોપી દવારા પોતાના કબજામાં રહેલ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી હોવાનું અન્ય સાહેદોના પુરાવો જોતા સાબીત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં સદર તપાસ કરનાર અમલદારની જુબાની ના આધારે પણ હાલના આરોપી વિરુધ્ધનો ગુનો સ્પષ્ટ રીતે સાબીત થતો નથી. આ કામે બચાવપક્ષની સમંતિથી સારવાર સર્ટીફીકેટને સીધા આંક આપવામાં આવેલ છે. ઉપરોકત સર્ટીફીકેટ વંચાણે લેતા તેમા ઈજા પામનાર ને શરીરના ભાગે વાહન અકસ્માતથી ઈજા થયેલ હોવાનું અને તેઓને સારવાર બાદ

હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ હોવાનું જણાય આવે છે. પરંતુ સદર સ ર્ટીફીકેટના આધારે પણ ઈજા પામનારનાઓને સદર ઈજાઓ આરોપી દવારા તેઓનું વાહન બેફામ તથા બેદરકારી પુર્વક ચલાવી ઈજાઓ કરેલ હોય તેવી કોઈ બાબતો રેકર્ડ ઉપર આવવા પામતી નથી.

**(૨૪)** આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવે તો, ફરીયાદ પક્ષે રજુ થયેલ તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા લક્ષમાં લ ેતા,હાલના કામે અકસ્માત થયેલ હોવાનું અને તે અકસ્માતમાં સાહેદને ઈજાઓ થયેલ હોવાનું માની લેવામાં આવે તો પણ ફરીયાદ પક્ષે મહત્વનું હિત ધરાવતા સાહેદોએ રજુ કરેલ તેમના પુરાવાની હકીકત નજર સમક્ષ રાખતા, આ બનાવ ખરેખર આરોપીની ભુલ કે બેદરકારીના કારણે બનેલ છે તેવી કોઈ હકીકત ફરીયાદ પક્ષ રજુ થયેલ પુરાવામાંથી જણાઈ આવતી નથી. બનાવ સમયે અકસ્માતવાળા વાહનની ગતિ કેટલી હતી, તે વાહનનો નંબર શું હતો તેવો કોઈ પુરાવો આપેલો નથી. આમ, આરોપી ને ગુનામાં સંડોવતો લેશમાત્ર પુરાવો સદર કામે રજુ થયેલ પુરાવામાંથી રેકર્ડ ઉપર આવવા પામેલ નથી. તેમજ સદર કામે આરોપીની બેદરકારીના કારણે બનાવ બનેલ હોય તેવી કોઈ હકીકત સાહેદોએ જણાવેલી નથી.આમ આરોપી વિરુધ્ધ શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**(૨૫)** આ કામે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે એ પુરવાર થયેલ હોવું જરૂરી છે કે શું વાહન ચાલકે એવું કૃત્ય કરેલ છે કે તે કૃત્ય ઈ.પી.કો.ની કલમ–૨૭૯ ના પરીઘમાં પડતી હોય? શું વાહન ચાલકે પુરતી કાળજી લીધા વિના બેદરકારીપણે કોઈ કૃત્ય કરેલ છે અને પોતાનું વાહન પુરઝડપે,બેદરકારી રીતે અને માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી હાલનો કહેવાતો અકસ્માત

કરે છે કે કેમ? તે તમામ હકીકતો પુરવાર થવી જરૂરી છે પરંતુ આ કામે રજુ થયેલ તમામ પુરાવાનો વિગતે અભ્યાસ કરતા હાલના આરોપીએ પોતાનું વાહન ગફલતભરી રીતે, પુરઝડપે, બેદરકારીપુર્વક અને માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી અકસ્માત કરેલ હોય તેવી લેશમાત્ર હકીકત ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી ફરીયાદ પક્ષ આરોપી સામેનો પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરી શકેલ ન હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી મુદા નં.૧નો નિર્ણય નકારમાં આપી, મુદા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧. આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલ પાવતીમાં જણાવેલ વાહન અંગે અગાઉ કરેલ વચગાળાના હુકમને આથી કાયમ રાખવામાં આવે છે.

૩. ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીના જામીન છ માસ માટે અમલમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૮/૦૬/૨૦૨૬
સ્થળ :– પ્રાંતિજ.

**(આઈ.એમ.શેખ)**
એડીશ્નલ ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ
પ્રાંતિજ. જી. સાબરકાંઠા
(કોડ નં જીજે–૦૧૪૮૫)